# [3] લોકમતમાં પરિવર્તન

પ્રશ્ન 3. લોકમતમાં પરિવર્તન કેવી રીતે થઈ શકે ?

લોકમત એટલે શું? લોકમતમાં પરિવર્તન લાવવાની રીતો સમજાવો.

|1| પ્રાસ્તાવિક

સમાજનાં મૂલ્યો કે વિચારધારામાં પરિવર્તન આવે તેમ લોકમત બદલાય છે. કોઈપણ સમસ્યા પરત્વે રચાયેલ લોકમત કાયમી છે એમ માની લેવાની ભૂલ આપણે કરવી જોઈએ નહિ, કારણ કે લોકમત પણ બદલાય છે. સમાજની કાયાપલટ થાય કે સમાજમાં ક્રાંતિ આવે ત્યારે લોકમત બદલાય છે. એક જમાનામાં જ્ઞાતિવાદ એટલો બધો ઉગ્ર હતો કે ઉંચ્ચ વર્ણના લોકો અમુક જ્ઞાતિના લોકો સાથે બેસીને જમતા નહિ કે તેમના ઘરનું પાણી પીતા નહિ, ચુસ્ત બ્રાહ્મણો બ્રાહ્મણિયા' હોટલમાં જમતા અને રેલવે સ્ટેશનો પર 'બ્રાહ્મણિયા' પાણી જ પીતા હતા. આ લોકમાન્યતામાં આજે પરિવર્તન આવ્યું છે. 'સ્ત્રી એ માત્ર રસોડાની રાણી છે અને તેથી તેણે વ્યાવસાયિક કે સામાજિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવો ોઈએ ન' એવી જૂની લોકમાન્યતામાં હવે પરિવર્તન આવ્યું છે. અમેરિકાની જેમ હવે આપણા દેશમાં સ્ત્રીઓ ઘરની બહાર સામાજિક, રાજકીય અને વ્યાવસાયિક પ્રવૃત્તિઓમાં સફળતાપૂર્વક ભાગ લે છે.

આમ, લોકમતમાં સમય અને સંજંગો અનુસાર પરિવર્તન આવે છે.

[2] લોકમત પરિવર્તન માટેની રીતો

લોકમતમાં પરિવર્તન લાવવા માટે નીચે દર્શાવેલી રીતો અજમાવવામાં આવે છે.

(1) લોકોને સાચી માહિતી આપવી

(2) સામાજિક ધોરણો અને કાયદાઓ બદલીને

(3) પરિસ્થિતિ કે અનુભવોમાં ફેરફાર

(4) લોકવ્યવહારમાં ફેરફાર લોકોને સાચી માહિતી આપવી :

(5) બદલો અને શિક્ષા

(6) વિવેચન અને ચર્ચિ

(7) સમાચાર

(8) નેતૃત્વ

(1) લોકોને સાચી માહિતી આપવી

ઘણીવાર લોકો અમુક પરંપરાગત જીવનપતિઓને વળગી રહેતા હોય છે. તેનું કારણ માહિતીનો અભાવ હોય છે. તેમને ખરેખર સાચી માહિતી આપવામાં આવે તો તેમના ખ્યાલો બદલાય છે. દા. ત., સંતતિનિયમન, ખેતીની પદ્ધતિઓ વગેરે વિષે વૈજ્ઞાનિક માહિતી આપવાથી તેના વિષેનો લોકમત ચોક્કસ બદલાય છે.

(2) સામાજિક ધોરણો અને કાયદાઓ બદલીને

લોકમતમાં પરિવર્તન લાવવાની બીજી સારી પદ્ધતિ સામાજિક ધોરણો અને કાયદાઓ બદલવાની છે. સ્ત્રી-પુરુષ સંબંધો વિષેના મતોમાં પરિવર્તન લાવવું હોય તો સામાજિક ધોરણો બદલવાં જોઈએ. કોઈ યુવાન છોકરો સાથે ફરવા જતો હોય કે ચલચિત્રમાં જતો હોય તો બંને વંઠી ગયાં છે' એવું યુવાન છોકરી માની લેવાની જરૂર નથી. યુવાન વયમાં વિજાતીય સહચાર સ્વાભાવિક છે એવું ધોરણ અપનાવીએ તો સ્ત્રી-પુરુષ સંબંધો વિષેના ખ્યાલો બદલાય. ઘણીવાર કાયદાઓ દ્વારા લોકમત બદલી શકાય છે. દા. ત. હરિજનોને અસ્પૃશ્ય ગણીને તેમને મંદિર કે મોટલમાં પ્રવેશની બંધી હતી. આ માન્યતા બદલવા માટે બંધારણમાં ખાસ જોગવાઈ કરવામાં આવી કે “અસ્પૃશ્યતા કોઈપણ સ્વરૂપમાં ગેરકાયદેસર છે.”

3. પરિસ્થિતિ કે અનુભવોમાં ફેરફાર :

સામાજિક કે રાજકીય પરિસ્થિતિમાં પરિવર્તનો આવે તેની સાથે જ લોકોની અનુભવસૃષ્ટિ બદલાય છે કે જેને પરિણામે તેમનાં મંતવ્યોમાં પરિવર્તન આવે છે. ભારતની વર્તમાન આર્થિક, સામાજિક, રાજકીય પરિસ્થિતિ વગેરેને લીધે ઘણાં જૂનાં મૂલ્યો વિસરાયાં છે અને તેને સ્થાને નવાં મૂલ્યો પ્રસ્થાપિત થયાં છે. આજથી લગભગ 30 વર્ષ પહેલાં વ્યવસાયનાં વિવિધ

સ્થાનો પર સ્ત્રીનાં કદી દર્શન થતાં નહિ. આજે બેંકના કાઉન્ટર પર, ઓફિસમાં, સેલ્સ વિભાગોમાં, એસ.ટી.ના પૂછપરછ વિભાગોમાં, રેલવે સ્ટેશન પર એમ ઘણે સ્થળે સ્ત્રીઓ કામ કરવા લાગી છે. આંતરજ્ઞાતીય લગ્નો પ્રત્યે લોકોની સૂગ ઓછી થતી જાય છે. પ્રેમમાં પડેલાં વિવિધ જ્ઞાતિનાં છોકરો કે છોકરી ઘરેથી નાસી જઈને લગ્ન કરે તો વડીલો પાછળથી તેને સ્વીકારી લે છે.

4. લોકવ્યવહારમાં ફેરફાર:

બદલાયેલી પરિસ્થિતિ, સામાજિક ધોરણો અને કાયદાઓને લીધે લોકોના વ્યવહારો બદલાય છે. વ્યવહારો કે આચરણો બદલવાથી તેમના મતમાં પરિવર્તન આવ્યું છે. હરિજનનો પડછાયો પડે તોપણ સ્નાન કરી લેનાર રૂઢિચુસ્ત લોકો આજે હરિજનો સાથે કામ કરે છે અને તેમના પ્રત્યે સૂગ ધરાવતા નથી. આમ, કેટલાક અણગમતા વ્યવહારો પણ રોજિંદા જીવનનો ભાગ બની જાય તો કેટલાક મતોની તીવ્રતા ઘટી જાય. વિવિધ જાતિઓ વિષેના પૂર્વગ્રહો ઓછા કરવાનો એક ઉપાય બંનેને સાથે લાવીને અમુક વ્યવહારો કરવાનો છે.

5. બદલો અને શિક્ષા :

લોકો બદલો અને શિક્ષાથી પોતાના મતો બદલે છે. અમુક કાર્યમાં તેમને બદલો મળતો હોય તો કાર્ય વિષેનાં તેમનાં અગાઉનાં મંતવ્યો બદલે છે. દા. ત., વિદ્યાર્થીઓને તેમની અભ્યાસની સિદ્ધિઓ માટે વારંવાર યોગ્ય પુરસ્કાર

આપવામાં આવે તો અભ્યાસ પ્રત્યેના તેમનાં મતો કે વલણો પરિવર્તન પામે એવી શક્યતા છે. શિક્ષા કે સામાજિક બહિષ્કારની બીકથી લોકમતમાં પરિવર્તન આવે છે. દા. ત., કોઈ વ્યક્તિને અસ્પૃશ્ય ગણીએ તો શિક્ષા થશે એ બીકથી પણ અસ્પૃશ્યતાનું નિવારણ થાય છે.

6. વિવેચન અને ચર્ચા :

લોકમતમાં પરિવર્તન લાવવા માટે લોકો કોઈપણ સમસ્યા અંગે સમૂહમાં એકત્ર થઈને વિચારવા કરે અને ચેતાના અભિપ્રાયો વ્યક્ત કરી. હું સો બાય છે. ઘણીવાર સમૂહમાં લોકો પોતાના મંતવ્યો દ્વારા પોતાના આંતરિક રે પ્રગટ કરે છે અને તેઓ રૂટ માનારાઓમાંથી મુક્ત થાય છે. સામાજીક સુધારણ કરવા માટે તેમજ લોકોની જ માન્યતાઓને બદલવા માટે તેમને નાનો નાનાં જૂથોમાં ઈ-વિચારણા કરવાની અને મુક્તને માત્ર પ્રગટ કરવાની છૂટ આપની જેઈએ. આ રીતથી તેમના જૂના અને રૂઢ થઈ ગયેલા પુરાણા  ખ્યાલોમાં ક્રાંતિ આવશે.

7. સમાચાર :

લોકોને જેલ માહિતી આપવાથી તેમના પોંચ અને સાહીન કો બાકાય છે તેમ સમાચાર દ્વારા પણ મતીવર્તન થાય છે. આજના યુગમાં વર્તમાનપત્રો, રેડિયો, ટેલિવિઝન વગેરે કામમાં આરા મળતા સમાંથી લોનમાં પણ મોટું પરિવર્તનું આવે છે.

8. નેતૃત્વ

લોકમત બદલવામાં નેતાનો કાળી વિશેષ છે. સમુહ કે રાષ્ટ્રને પ્રભાવિત ના નેતા મતદેવર્તન જીવી શકે છે. સામાન્ય રીતે રાજકીય નેતા સોડમત બદલી શકે છે. ભારતની શાહી બચાવીને જગતભરમાં નામના અપાવનાર શ્રી જયપ્રકાશ નારાયણ અને બીજી કેટલાક નેતાઓએ લોકમત પર ભારે અસર કરી હતી. આમ, લોકમત પર નૈતૃત્વની વ્યાપક અસર પડે છે. રાજકીય નેતાઓ, મહાન સંતો, સમાજસુધારર્સ, લેખકો અને વૈજ્ઞાનિકોએ લોખતમાં પહેરેવર્તન લાજવા માટે પ્રયત્નો કર્યાં છે.

## [4] લોકમતનું માપન

પ્રશ્ન : લોકમતનું માપન કઈ રીતે થાય છે ?

લોકમતના માપનની પદ્ધતિઓ (રીતો) જણાવી, મનમોજણી પધ્ધતિ સવિસ્તાર સમજાવો.

(1) પ્રાસ્તાવિક

આધુનિક સમયમાં લોકમતનું વિશેષ મહત્વ હોવાથી લોકોનું સાધન ખૂબ જ જરૂર બન્યું છે. જ્યારે કોઈ રાજકીય, અાર્થિક કે સામાજિક સમસ્યા ઉદ્ભવે છે ત્યારે લોકો એ સમસ્યા અંગે કેવો અભિપ્રાય ધરાવે છે તે જાણવું જરૂરી બને છે.

સરકાર, રાજકીય નેતાઓ, ઉદ્યોગપતિઓ વગેરે નિર્ણયો લેવા માટે લોકમત જાણવાનો પ્રયત્ન કરતા હોય છે. લોકમત જાણવા માટે લોકમત માપનની પદ્ધતિઓ વિકસાવવામાં આવી છે.

[2] લોકમત માપનની પદ્ધતિઓ (રીતો)

લોકમત માપનની પદ્ધતિઓ (રીતો)ને બે વિભાગમાં વહેંચવામાં આવે છે:

(1) ગુણાત્મક પદ્ધતિઓ (2) સંખ્યાત્મક પદ્ધતિઓ

1. ગુણાત્મક પદ્ધતિઓ :

લોકમત માપનની ગુપ્તાત્મક પદ્ધતિઓમાં ઐતિહાસિક પતિ, મુલાકાત પદ્ધતિ અને સમૂહ નિરીક્ષણ પદ્ધતિનો સમાવેશ થાય છે. જોકે ગુન્નાત્મક પદ્ધતિઓ દ્વારા વસ્તુલક્ષી રીતે લોકમત ધરાવનાર વ્યક્તિઓના પ્રમાણની જાણકારી પ્રાપ્ત થતી નથી. લોકમત માપન માટે ગુણાત્મક પદ્ધતિઓ ઓછી વિશ્વસનીય ગણાય છે.

(1) ઐતિહાસિક પદ્ધતિ :

ઐતિહાસિક પદ્ધતિ દ્વારા લોકમતનો ઐતિહાસિક ખ્યાલ પ્રાપ્ત કરી શકાય છે. સામાજિક કે રાજકીય ક્ષેત્રે કોઈ વ્યાપક સમસ્યાના લોકમતમાં કેવું પરિવર્તન આવ્યું તે જાણવા માટે ઐતિહાસિક

પદ્ધતિનો ઉપયોગ થાય છે. દા. ત., ભારતીય સમાજમાં સ્ત્રીનું સ્થાન એ વિષય અંગે આઝાદી પછીનાં વર્ષોમાં લોકમતમાં થયેલું પરિવર્તન ઐતિહાસિક પદ્ધતિ દ્વારા જાણી શકાય છે.

(2) મુલાકાત પદ્ધતિ :

નિષ્ણાત વ્યક્તિઓની મુલાકાતો દ્વારા ચોક્કસ વિષયો અંગે લોકમત ઘડતર, લોકમતની તીવ્રતા અને લોકમતમાં આવેલ પરિવર્તન અંગે ઋણકારી પ્રાપ્ત કરી શકાય છે. લાસ્કરે બાળકોનાં મનોવલણો અંગે આ પદ્ધતિથી અભ્યાસ કર્યો હતો. ભારતમાં હરિજનો, સ્ત્રીઓ, કાશ્મીર સમસ્યા અંગે અભ્યાસ કરવા માટે આ પદ્ધતિનો ઉપયોગ થાય છે.

(3) સમૂહ નિરીક્ષણ પદ્ધતિ :

વિશ્વયુદ્ધ વખતે લોકમત જાણવા માટે આ પદ્ધતિનો ઉપયોગ થયો હતો. કેરિસને આ પદ્ધતિ વિકસાવી હતી. આ પતિમાં લોકોની વાતચીત, વર્તમાનપત્રો, વ્યાખ્યાનો, રેડિયો, ટેલિવિઝન વગેરે દ્વારા પ્રાપ્ત થતી માહિતીથી લોકમત જાણવાનો પ્રયત્ન કરવામાં આવે છે. જોકે આ પદ્ધતિ બહુ વિશ્વસનીય નથી.

2. સંખ્યાત્મક પદ્ધતિઓ :

લોકસમૂહમાં લોકમત કેટલો વ્યાપક છે તે જાણવા માટે સંખ્યાત્મક પદ્ધતિઓનો ઉપયોગ થાય છે. સંખ્યાત્મક પદ્ધતિઓમાં (1) મર્યાદિત પ્રાયોગિક પદ્ધતિ (2) પત્રોનું વિશ્લેષણ અને (3) મતમોજણી પતિ એ ત્રણ પદ્ધતિઓનો ઉપયોગ થાય છે.

[3] મતમોજણી પદ્ધતિ

આધુનિક યુગમાં લોકમત જાણવા માટે મતોજણી પદ્ધતિનો વ્યાપકપણે ઉપયોગ થાય છે. આ પદ્ધતિ મુખ્યત્વે પ્રશ્નાવલિ પદ્ધતિ જ છે. અમુક સમસ્યા પર આધારિત પ્રશ્નો તૈયાર કરવામાં આવે છે. ત્યાર પછી સમાજના બધા જ વર્ગોનું પ્રતિનિધિરૂપ ધરાવતા નિદર્શની વ્યક્તિઓને પ્રશ્નાવલિ આપવામાં આવે છે તેમજ પ્રશ્નોના ઉત્તરોને આધારે લોકોનો સામાન્ય અભિપ્રાય એટલે કે લોકમત જાણવામાં આવે છે. મતમોજણી પદ્ધતિ એ ચોકસાઈપૂર્વક નિદર્શની પસંદગી અને પ્રશ્નાવલિની રચના કર્યા પછી વ્યવસ્થિત સર્વેક્ષણના આધારે લોકમતનું માપન કરવાની પદ્ધતિ છે. મતમોજણી પદ્ધતિનો વિકાસ :

ઈ.સ. 1924માં જી. ગેલેપે આ પદ્ધતિની શરૂઆત કરી હતી. આ પદ્ધતિનો મુખ્ય હેતુ બજાર સંશોધનો, ઔદ્યોગિક સમસ્યાઓ વિશેના સંશોધનો અને ચૂંટણી પરિણામોની આગાહી કરવાનો હતો. ઈ.સ. 1935 થી 1946 સુધી આ પદ્ધતિ દ્વારા તેર જેટલાં સંશોધન કરવામાં આવ્યાં હતાં. ઈ.સ. 1936માં અમેરિકાના પ્રમુખની ચૂંટણીમાં રૂઝવેલ્ટ જીતશે એવી આગાહી આ પતિ દ્વારા કરવામાં

આવી હતી અને સાચી પડી હતી. જોકે આ પદ્ધતિ દ્વારા સંશોધનો કરીને ચૂંટણી અંગે કરવામાં આવેલી કેટલીક આગાહીઓ ખોટી પણ પડી હતી. જોકે ઈ.સ. 1960માં પ્રમુખપદની ચૂંટણી કેનેડી જીતી જશે તેવી આ પદ્ધતિ દ્વારા કરેલી આગાહી સાચી પડી હતી. ગેલપે વૈજ્ઞાનિક રીતે તૈયાર કરેલી આ મતમોજણી 'ગેલેપ પોલ' તરીકે ઓળખાય છે. ભારતમાં પણ લોકસભાની ચૂંટણીનાં પરિણામોની આગાહી કરવા માટે મતમોજણી પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. મતમોજણી પદ્ધતિનાં સોપાનો :

બી. કુપ્પુસ્વામીએ આપેલાં મતમોજણી પદ્ધતિનાં સોપાનો નીચે પ્રમાણે સમજાવી શકાય : (1) મતમોજણીના હેતુઓની વ્યાખ્યા : કોઈપણ પ્રકારની મતમોજણી કરતાં



પહેલાં તેના હેતુઓની વ્યાખ્યા અને સમજૂતી આપવામાં આવે છે, જેથી મતમોજણીનાં પરિણામોનું સ્પષ્ટ અર્થઘટન કરી શકાય છે.

(2) નિદર્શની પસંદગી : મતમોજણીમાં બધા જ લોકોનો અભ્યાસ થતો નથી, પરંતુ જ લોકોનું પ્રતિનિધિત્વ કરી શકે એવા જૂથનો જ અભ્યાસ થાય છે. આવા પ્રતિનિધિરૂપ જૂથને નિદર્શ કહે છે. મતમોજણી પદ્ધતિમાં નિદર્શરૂપ કે પ્રતિનિધિરૂપ વ્યક્તિઓને પસંદ કરી તેમનો અભિપ્રાય જાણી, સમગ્ર સમૂહના અભિપ્રાયનો અંદાજ આપવામાં આવે છે.

નિદર્શની પસંદગી કરવા માટે મુખ્યત્વે બે પદ્ધતિઓનો ઉપયોગ થાય છે :

(1) યદચ્છ નિદર્શન પદ્ધતિ અને (2) સ્તરીકૃત નિદર્શન પદ્ધતિ.

(I) યદૃચ્છ નિદર્શન પદ્ધતિમાં મતમોજણી દ્વારા જેમનો અભ્યાસ કરવામાં

આવે છે તે વિશાળ જૂથના દર 10, 20, 50 કે 100 વ્યક્તિઓમાંથી એકની

પસંદગી યદચ્છ રીતે (ચિઠ્ઠી પદ્ધતિ કે લૉટરી પદ્ધતિથી) નિદર્શની પસંદગી કરવામાં આવે છે. (2) સ્તરીકૃત નિદર્શન પદ્ધતિમાં મતમોજણી દ્વારા જેમનો અભ્યાસ કરવામાં આવે છે તે વિશાળ જૂથનાં આર્થિક અને સામાજિક સ્તરો, ગ્રામ્ય-શહેર, સ્ત્રી- પુરુષ, બાળક-યુવાન પ્રૌઢ-વૃદ્ધ એવા પ્રકારનાં સ્તરોને આધારે નિદર્શની પસંદગી

કરવામાં આવે છે.

(3) પ્રશ્નોની તૈયારી (પ્રશ્નાવલિની રચના) : મનમોજણી પદ્ધતિ એ પ્રશ્નાવલિ પદ્ધતિ છે. તેથી નિદર્શમાં સમાયેલી વ્યક્તિઓને આપવાના પ્રશ્નોની પ્રશ્નાવલિ તૈયાર કરવામાં આવે છે. પ્રશ્નાવલિમાં વિકલ્પોવાળા પ્રશ્નો અને મુક્ત પ્રશ્નો તૈયાર કરવામાં આવે છે. સામાન્ય રીતે મતમોજણીમાં વ્યક્તિઓએ પ્રશ્નોના ‘હા', 'ના' કે 'ખબર નથી' એવા વિકલ્પોમાંથી કોઈ એક વિકલ્પ પસંદ કરી ઉત્તરો આપવાના હોય છે. કેટલીક વાર વ્યક્તિઓને પ્રશ્નોના ઉત્તરો મુક્ત રીતે તેને યોગ્ય લાગે તેવી રીતે આપવાના હોય છે.

(4) મુલાકાતની અગત્ય : કેટલીક વાર મતમોજણીમાં રૂબરૂ મુલાકાત દ્વારા પ્રશ્નોના ઉત્તરો મેળવવામાં આવે છે. આ માટે મુલાકાત લેનાર અધિકારીઓની પસંદગી કરવામાં આવે છે અને તેમને કેવી રીતે મુલાકાત લેવી એ અંગેની તાલીમ આપવામાં આવે છે. મુલાકાતમાં સાયુજ્ય સંબંધ સ્થાપિત કરવો અત્યંત આવશ્યક છે. મુલાકાત લેનાર અધિકારીઓ પૂર્વગ્રહરહિત બનીને કાર્ય કરે એ માટે તાલીમ અપાય છે.

(5) માહિતીની ગણતરી અને આગાહી ઃ મતમોજણી પદ્ધતિમાં પ્રશ્નાવલિ દ્વારા કે રૂબરૂ મુલાકાત દ્વારા પ્રાપ્ત થયેલા ઉત્તરોનું યોગ્ય રીતે વર્ગીકરણ કરીને માહિતીને

લોકમત



વિવિધ કોષ્ટો દ્વારા રજૂ કરવામાં આવે છે. સાથે સાથે યોગ્ય આંકડાશાસ્ત્રીય રીતો સંા માહિતીનું વિશ્લેષણ કરી, લોકમત નક્કી કરી, અંતે તેની સમજૂતી આપવામાં આવે છે.

મતમોજણી પદ્ધતિનું વ્યાવહારિક મહત્ત્વ (l)રાજકીય ક્ષેત્રે રાજ્યની અને દેશની ચુંટી સમયે કોણ જીતશે તેની

આગાહી કરવા માટે મતમોરી પદ્ધતિનો ઉપયોગ થાય છે.

(2) સરકાર નવી નીતિના અમલ માટે 2 નવા કાયદાઓના અમલ માટે લોકોનો તે પરત્વે શો અભિપ્રાય છે એ જણવા માટે આ પદ્ધતિનો ઉપયોગ કરે

છે. (3) ઉદ્યોગપતિઓ ખાસ કરીને પોતાની ચીજવસ્તુઓ અંગેના લોકોના અભિપ્રાયો જણવા માટે આ પદ્ધતિનો ઉપયોગ કરે છે.

(4) સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે સુધારા કરતાં પહેલાં તે સુધારા અંગે લોકો શો અભિપ્રાય ધરાવે છે તે જાણવા માટે સામાજિક કાર્યકરો અને ધાર્મિક નેતાઓ આ પદ્ધતિનો ઉપયોગ કરે છે.